ગાંધીનગર સમાચાર

@ગાંધીનગર

● રમઝાન માસનિમિત્તેશહેરી ૪.૨૦ કલાકે પૂર્ણથશે અનેઈફતાર સમય ૭.૨૮ કલાકનોરહેશે.

● એસ.આર.પી.એફ. જૂથ-૧૨ ગાંધીનગર દ્વારા વિશ્વ યોગ દિવસ અંતર્ગત સવારે ૫.૩૦થી ૭.૦૦ કલાક દરમિયાન સેકટર-૨૭, ચિલ્ડ્રન પાર્ક, એસઆરપી કેમ્પ ખાતે યોગ શિબિર યોજાશે.

● સમર્પણ ધ્યાન પરિવાર ગાંધીનગર દ્વારા સાંજે ૬.૪૫ થી ૯.૦૦ કલાક દરમિયાન સે-૧૨, બલરામ ભવન હોલ ખાતે વિના મુલ્યે ધ્યાન શિબિર યોજાશે.

● માહેશ્વરી સેવા ટ્રસ્ટ દ્વારા ભગવાન મહેશની જન્મ જયંતિ નિમિત્તે સાંજે ૫.૩૦ કલાકેસે-૨ ઉલગ્નવાડીથી શોભાયાત્રા પ્રસ્થાન કરશે.

જૈન સોશ્યલ ગ્રુપના જન્મદિને યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૨

જૈન સોશ્યલ ગ્રુપના ઉપમાં જન્મદિન નિમિતે આજે સવારે ગાંધીનગર ટાઉનહોલ ખાતે માઈનોરીટી અવેરનેસ અંગેની જાણકારી તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં જૈન સમાજના ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગર દ્વારા ગ્રુપના ઉપમાં ઉપ જન્મદિન નિમિતે ગાંધીનગર ટાઉનહોલ ખાતે માઈનોરીટી અવેરનેશ માટે બી.જે.એસ. પૂણેના નિરંજનભાઈ જુવાનું પ્રવચન યોજાયું હતું. જેમાં ઉપસ્થિત જૈન સમાજના ભાઈ બહેનોને સવિસ્તાર માઈનોરીટી અંગે સમજણ પુરી પાડી હતી.

આ પ્રસંગે હાજર મહેમાનોનું સ્વાગત ગ્રુપના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગ્રુપના સભ્યો માટે વિચારણા કરી હતી.

જીતુભાઈ દ્વારકાવાળાએ જૈન સમાજના ભાઈ-બહેનોને પેટ પકડીને હસાવ્યા

જયારે સમાજના ભાઈઓએ પણ પ્રશ્નોતરી કરી તેઓને મુંજવતા પ્રશ્નો અંગે મોકળાશથી ચર્ચા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાણીતા હાસ્ય કલાકાર જીતુભાઈ દ્વારકાવાળાએ પોતાના રમુજી ટુચકા સંભળાવીને જૈન ભાઈ-બહેનોને હાસ્યથી તરબોળ કર્યા હતા. જીતુભાઈએ એક પછી એક હાસ્યની છોળો ઉછાળતા સમગ્ર ટાઉનહોલમાં હાસ્યનું મોજુ ફરી વળ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રુપના ભાઈ-બહેનો હાજર રહ્યા હતા અને કાર્યક્રમને મનભરીને માણ્યો હતા. કાર્યક્રમના અંતે ગ્રુપના સભ્યો માટે પ્રિતી ભોજનનું આયોજન કરાયું હતું સૌ ભાઈ બહેનો સાથે ભોજન લઈ ગ્રુપના ઉપમાં જન્મદિનની ઉજવણીમાં સહભાગી બન્યા હતા.

વાતવાતમાં

● પંચદેવ મંદિરે આગામી રથયાત્રાની તડામાર તૈયારીઓ આરંભાઈ દેવાઈ છે. ગાંધીનગરમાં રથયાત્રા એવો લોક તહેવાર છે જેમાં સમગ્ર શહેરનું જનજીવન હર્ષોલ્લાસ સાથે જોડાય છે.

● સેકટર-૭માં નવા સરકારી આવાસો બાંધકામનું કાર્ય ચાલુ હોવાથી સ્થળ પર માટીના તોતીંગ પહાડો ખડકવામાં આવ્યા છે. આ માટીના પહાડો પર રમતા બાળકો તોફાને ચઢે માટીના ઢેફાં ફેંકે છે જે નજીકના જ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો માટે અકસ્માત થાય તે રીતે જોખમરૂપ બની રહ્યા છે.

● ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વર્ગ-૩માં ઓડીટરની જગ્યાઓ માટે રાજયભરમાં પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષાના ગાંધીનગરના કેન્દ્રો પર પણ રાજયભરમાંથી ઉમેદવારો પરીક્ષા આપવા ઉમટી પડયા હતા.

● કલોલમાં એક બીએસસીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીએ કેનાલમાં પડતું મુકી આત્મહત્યા કરી લીધી છે. આ આત્મહત્યાનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી.

● દહેગામમાં એક કપડાંની દુકાનમાંથી ઉઠાંતરીનો પ્રયાસ કરતી મહિલા છારા ગેંગ ઝડપાઈ છે. આ ગેંગને ઝડપવામાં વેપારીની સતર્કતાએ મુખ્ય ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

કાંડ પોલીસ કરે ને બદનામ ન્યાયતંત્ર થાય...!

ઈન્વેસ્ટીગેશન નબળુ કરવા પીએસઆઈએ ૫૦ હજાર માંગ્યા

કલોલ તાલુકાના હેડ કોન્સ્ટેબલ પીએસઆઈ વતી રૂ.૧૫ હજાર લેતા એસીબીની ટ્રેપમાં ઝડપાઈ ગયા : કલોલ અંબિકા બસ સ્ટેન્ડ સામે ટ્રેપ ગોઠવાઈ હતી

ગાંધીનગર, તા.૧૨

ગુનેગારો પાસેથી રોકડીયો 'વહેવાર' કરીને પોલીસ ખાતામાંફરજ બજાવતા કેટલાક અમલદારો ઈન્વેસ્ટીગેશનમાં ઈરાદાપૂર્વકની વેઠ ઉતારી કેસને ઢીલો કરી નાંખતા હોય છે. જેને પગલે ભોગ બનનાર વ્યકિતઓને ન્યાય ન મળતા ન્યાયતંત્ર પરથી વિશ્વાસ ઉઠવા લાગે છે. મતલબ કે કાંડ પોલીસ કરે ને બદનામ ન્યાયતંત્ર થાય..! આવી જ પધ્ધતિ અપનાવી છેતરપીંડીના ગુનાના આરોપીનું ઈન્વેસ્ટીગેશન નબળુ કરી કસ્ટડી દરમિયાન હેરેસમેન્ટ ન કરવા એક પીએસઆઈએ રૂ. ૫૦ હજારની લાંચ માંગી હતી. ગાંધીનગર એસીબીની ટીમે ફરિયાદને આધારે કલોલ અંબિકા બસ સ્ટેન્ડ સામે ગઈ રાત્રે ટ્રેપ ગોઠવીને પીએસઆઈ વતી લાંચના રૂ. ૧૫ હજાર સ્વીકારતા કલોલ તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલને રંગે હાથ પકડી પાડયા હતા. એસીબીએ ગુનો દાખલ કરી પીએસઆઈની શોધખોળ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ પાલનપુર સીટી પોલીસ સ્ટેશનમાં ઓસ્ટ્રેલિયામાં વિઝા અપાવી દેવાની

લાલચે છેતરપીંડી કરાઈ હોવાની ફરિયાદ નોંધાવા પામી હતી. આ ગુનાના આરોપીની ધરપકડ કરે તે પહેલા તપાસનીશ અધિકારી પાલનપુર સીટી પીએસઆઈ પટેલે 'સેટીંગ' માટે વાટાઘાટો કરી હતી. આરોપીને હેરેસમેન્ટ નહી કરવા તથા તપાસ નબળી કરવા માટે પીએસઆઈ પટેલે રૂ. ૫૦ હજારની લાંચ માંગી હતી. જે રકઝકના અંતે રૂ. ૩૦ હજારમાં ડીલ ફીકસ થઈ હતી. આ સંદર્ભે રૂ. ૫ હજાર ગઈકાલે સવારે આપી દીધા હતા અને બીજા રૂ. ૧૫ હજાર ગઈ રાત્રે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બાબુભાઈ ધરમશીભાઈ દેસાઈને મારફતે મોકલવાના હતાં. તે ઉપરાંત બાકીના રૂ. ૧૦ હજાર આરોપીની ધરપકડની કાર્યવાહી પુર્ણ થઈ જાય ત્યાર બાદ મોકલવાનું નક્કી થયું હતું. આ સંદર્ભે એસીબીને ફરિયાદ કરવામાં આવતા ગાંધીનગર એસીબી પી.આઈ. એમ.જે. ક્રિશ્ચિયન તથા તેમની ટીમે ગઈ રાત્રે કલોલ અંબિકા બસ સ્ટેન્ડ સામે ટ્રેપ ગોઠવીને પીએસઆઈ વતી રૂ. ૧૫ હજારની લાંચ લેતા હેડ કોન્સ્ટેબલને રંગે હાથ પકડી પાડી ધરપકડ કરી લેવામાં આવી હતી. વોન્ટેડ પીએસઆઈની ધરપકડ કરવા એસીબીએ તજવીજ શરુ કરી છે.

પંચદેવ મંદિર, સેકટર-૨૨ ખાતે રાહતદરે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ.લાલ પેથોલોજી લેબ્સ લી. અને આશિષ પેથોલોજી લેબોરેટરીના સંયુકત ઉપક્રમે યોજાયેલ આ કેમ્પમાં રાહતદરે થાઈરોઈડ, કોલેસ્ટ્રોલ, ગ્લુકોઝ, વિટામીન તથા હાડકાની તપાસ રાહતદરે કરવામાં આવી હતી. આ ઉપરાંત પંચેદવ મંદિર ટ્રસ્ટ તથા હોલીસ્ટીક હોમિયોપેથિક કલીનીકના ડૉ. હેતલ મહેતાના સંયુકત ઉપક્રમે હોમિયોપેથિક સારવાર આપવામાં આવી હતી. જેનો દર્દીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

છ મહિનાથી પેરોલ જમ્પ ધમાસણાનો આરોપી પકડાયો

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી એબસ્કોન્ડર સ્કવોર્ડના પીએસઆઈ કૃણાલ પટેલ તથા ટીમ

વોન્ટેડ આરોપીઓ તથા પેરોલ-ફલો જમ્પ આરોપીઓને પકડી પાડવા કવાયત કરી રહી છે. દરમિયાન છ મહિનાથી પેરોલ જમ્પ આરોપી અલ્પેશ સોમા ઠાકોરને આ સ્કવોર્ડે પકડી પાડયો છે. કલોલ ધમાસણા વિસ્તારના આ આરોપીને પકડીને એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે સાબરમતી જેલ હવાલે મોકલી દીધો છે.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગર દ્વારા રામજી મંદિર, સે-૩-ડી ખાતે ૧૬મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ સભામાં સંસ્થાના દિવંગત આજીવન સભ્યોને બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' એ સ્વરચિત કૃતિથી 'ભારતરત્ન' ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની સ્તુતિ વંદના કરી હતી અને આંતરિક ઓડિટર રમણભાઈ શ્રીમાળીએ સ્વરચિત ડૉ.બાબા સાહેબનું ગીત રજૂ કર્યું હતું. આ સભાના અધ્યક્ષ ભાનુકાન્તભાઈ પરમાર દ્વારા સ્વાગત પ્રવચનમાં સંસ્થાની સોળ વર્ષની કામગીરીનો ખ્યાલ રજૂ કરાયો હતો. તેમજ સભામાં અનેકવિધ પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સભામાં ઉપપ્રમુખ સોમાભાઈ પરમાર અને પી.જે. રાઠોડ મંત્રી જીવણભાઈ પરમાર વીરચંદભાઈ પરમાર તથા પ્રવકતા દશરથભાઈ પરમારે હાજરી આપી સમગ્ર કાર્યક્રમનું સંચાલન સફળતાપૂર્વક કર્યું હતું.

સમગ્ર માનવજાતને ઉપયોગી થઈ શકે તેવા સંશોધનો શું પુસ્તકરૂપે પ્રકાશનને પામશે?

દોઢ લાખથી વધુ હરસ મસાના દર્દીઓને દર્દમાંથી છુટકારો આપનારા ડૉ. ચિતણીઆના સંશોધનો પ્રકાશનની રાહ જોઈ રહ્યા છે : ચક્ષુદાન સેવામાં ૮૨ વર્ષની ઉંમરે પણ સતત તૈયાર રહેતા ડૉ. ચિતણીઆ ઋષિતુલ્ય વ્યકિતત્વ ધરાવે છે

સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગર, તા.૧૨

'ભલે ને રાત્રિના બે વાગ્યા હોય, પરંતુ જો ચક્ષુદાન લેવા જવા માટે જો ફોન આવે તો માત્ર પાંચ જ મિનિટમાં હું ચક્ષુદાન લઈ શકું તે રીતે મારા સાધનો સહિત હું તૈયાર જ હોઉં છું. સિવિલ હોસ્પિટલ કે જુનિયર સિટીઝન કાઉન્સિલમાંથી મને ફોન કરી તેઓ લેવા આવી પહોંચે તે પહેલા હું તેમની રાહ જોતો બેઠો હોઉં છું.' ઉંમરના ૮૨ વર્ષના મુકામે પહોંચેલા ગાંધીનગરના સે-૨૩માં રહેતા ડો. કૃષ્ણનંદ ચિતણીઆ આટલું કહેતા તો એટલા ઉત્સાહિત થઈ જાય છે કે જાણે ચક્ષુદાન લેવા જવું એ તેમના માટે નિજાનંદનું કાર્ય હોય. અત્યાર સુધીમાં રાત-દિવસ, શિયાળો ઉનાળો કે ચોમાસું કોઈ પણ સમય સ્થાન જોયા વગર ચક્ષુદાન એકત્ર કરવાની ૨૫૦થી પણ વધુ વખત તેઓ સેવા આપી ચુકયાં છે. અરે, છેક સ્મશાનમાં મૃત્યુ શૈયા સુધી પહોંચી ગયેલા મૃતદેહમાંથી પણ ચક્ષુ એકત્ર કરવાનું ભગીરથ કાર્ય ડો. ચિતણીઆએ ઉત્સાહથી કર્યું છે. વળી, પાંચેક વખત દેહદાન પણ મેળવવાનું સેવા કાર્ય બજાવી ચૂકયા છે. તે પણ કોઈ પણ જાતના વળતર કે સ્વાર્થ વિના.

જો કે, ચક્ષુદાન મેળવવાનું તેમનું સેવા કાર્ય તો તેમના ઋષિતુલ્ય વ્યકિતત્વના એક અંશ સમાન છે. ગુજરાતથી રાજસ્થાન સુધી જો હરસ મસાની નિ:સ્વાર્થ સેવા માટે ગુંજતું નામ હોય તે માત્ર ડો. કૃષ્ણનંદ ચિતણીઆનું જ છે. હરસ-મસાના નિ:શુલ્ક ઉપચાર કેમ્પના આયજકો માટે ડો. ચિતણીઆ ઈશ્વરીય વરદાન સમા છે. અત્યાર સુધીમાં ૧૨૭૧ જેટલી હરસ મસાની સેવા શિબિરોમાં સેવાઓ આપીને દોઢ લાખથી વધુ દર્દીઓને દર્દમાંથી છુટકારો અપાવી ચુકયા છે. આશ્ચર્યની વાત તો એ છે કે તમામ દર્દીઓના નામ, સરનામા, સંપર્ક નંબર સહિત જે તે કેમ્પની તારીખ અને સ્થળ સુધ્ધાની બધી જ વિગતનો રેકોર્ડ આજે પણ તેમની પાસે ઉપલબ્ધ છે અને તેમાં વધુ આંકડા ઉમેરાયા જ કરે છે. અમેરિકામાં પણ હરસ-મસાનો કેમ્પ કરી ચુકેલા ડો. ચિતણીઆએ એક એવી પધ્ધતિ પણ વિકસાવી છે જેમાં દર્દીને કોઈ પણ જાતની સર્જરી કે વાઢકાપ વગર લોહીનું એક પણ ટીપું પાડયા વગર જ મસાનો ઈલાજ કરી શકાય છે. જર્મન ટેકનોલોજી બેરેન્સ બેન્જ આધારિત આ ટેકનોલોજીમાં દર્દીને બેભાન કરવાની પણ જરૂર રહેતી નથી તેમજ આ વયે પણ તેઓ આંખોમાં અનેરી ચમક સાથે દિવસના ૨૦૦ દર્દીઓની સારવાર કરી શકવાની ક્ષમતા ધરાવે છે તેટલો આ પધ્ધતિ પર તેમને વિશ્વાસ છે.

મૂળ ખંભાતમાં ઈ.સ. ૧૯૩૪માં જુલાઈ માસની ૨૯મી તારીખ જન્મેલા ડો. ચિતણીઆનો અભ્યાસ અમદાવાદમાં થયો. ઓલ્ડ એસએસસી એટલે કે ઈન્ટર પાસ થયા પછી ભારતના નોબેલ વિજેતા વૈજ્ઞાનિક ડો. સી.વી. રામનને તમારી પાસે ભણવા આવવું છે તેવો પત્ર લખનાર ડો. ચિતણીઆ બીજે મેડીકલ કોલેજમાં ભણીને ડોકટર બન્યા પછી વર્ષો સુધી આફ્રિકાના ઝાંબિયામાં કાર્યરત રહ્યાં. આ પૂર્વે ઈંગ્લેન્ડમાં ઉચ્ચ અભ્યાસ પણ તેમણે કર્યો હતો. ઝાંબિયામાં તેમની પ્રતિભા એટલી નિખરી કે છેક અમેરિકા સુધી આંતરરાષ્ટ્રીય સેમિનારોમાં વકતવ્યો આપવા માટે બોલાવવામાં આવતા હતા. આ દરમિયાન ગાયનેક તબીબ સુવીણાબેન સાથે ઈંગ્લેન્ડમાં જ તેમના લગ્ન થયા. જેમાં શ્વસુર હાજર ના હોવાથી ડો. જીવરાજ મહેતાએ કન્યાદાન કરી આપ્યું હતું. અંતે ૧૯૬૯માં તેઓ ભારત પરત ફર્યા અને ગાંધીનગરમાં

નર્સિંગ હોમ ચાલુ કર્યું હતું. લગ્નજીવન દરમિયાન એક પુત્ર અને એક પુત્રી પામનાર આ દંપતિએ એક તબકકે પુત્રને મુંબઈમાં મકાન અપાવવા નર્સિંગ હોમ બંધ કરી તેનું મકાન વેચી દીધું. બંને સંતાનો અત્યારે તો તેમના પરિવાર સાથે વિદેશમાં સ્થાયી છે. પરંતુ ચિતણીઆ દંપતિ નિવૃત્તિનો આનંદ માણવાને બદલે સેવા કાર્યમાં સતત વ્યસ્ત છે. રાજેન્દ્રનગરના સુવિખ્યાત કૃષ્ઠરોગના આશ્રમના દર્દીઓથી માંડીને રાજસ્થાન-ગુજરાતના અત્યંત અંતરિયાળ ગામોમાં હરસ મસાની સેવાઓ આપનાર ડો. કૃષ્ણનંદ સિનિયર સિટીઝન કાઉન્સિલમાં પણ પ્રવૃત્ત છે.

ડો. સુવીણાબેને તેમના અનુભવો તેમજ અભ્યાસને આધારે મહિલા રોગ, પ્રસુતિ વિજ્ઞાન બાળરોગથી માંડીને એચઆઈવી સુધીની તલસ્પર્શી માહિતી આવરી લેતુ પુસ્તક 'મમતા વિજ્ઞાન' બે વર્ષની મહેનતના અંતે લખ્યું હતું. આ પુસ્તકની પ્રસ્તાવના તે સમયના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાતે લખી આપી છે. પોણા ત્રણ લાખના ખર્ચે લખાયેલા આ પુસ્તકો સરકારે રાજયની દરેક ગામની લાયબ્રેરીમાં પહોંચાડયું. પરંતુ મેડીકલ કોલેજ કે હોસ્પિટલ વગેરે ક્ષેત્રે આ પુસ્તકને અપેક્ષા મુજબ આવકાર પ્રાપ્ત ના થયો. પોતાની ૫૦મી લગ્નતિથિએ આરોગ્ય વિભાગને ૨૫ પુસ્તકો ભેટ આપનાર ડો. ચિતણીઆએ આ પુસ્તકમાં સચિત્ર માહિતી માટેના તમામ ચિત્રો રાતોના ઉજાગરા કરી જાતે દોર્યા છે. ડો. સુવીણાબેને તો એક પુસ્તક લખ્યુ પરંતુ ડો. કૃષ્ણનંદે ૨૫ પુસ્તકો તૈયાર થાય તેટલું સંશોધન કાર્ય કરી લખી રાખ્યું છે. આ સંશોધનોમાં ન્યુ રોગોની, સ્ટેમસેલ, કોસ્મિક ઈર્વાલ્યુએશન, બાયોટેકનોલોજી, સ્ટેટ ઓફ માઈન્ડ, ન્યુરોએનોટોમી, જેનેટિકલ સાયન્સ જેવા વિષયોથી માંડીને ગ્રામોદ્ધાર દ્વારા રાષ્ટ્ર ઘડતર જેવા વિષયોનો સમાવેશ થાય છે. આ સંશોધનોમાં કોઈ રસ લઈને સમજવા તૈયાર હોય અને તેને યોગ્ય મહત્વ પ્રાપ્ત થાય તેમ હોય તો તેને સોંપવા પણ તેઓ તૈયાર છે પરંતુ હવે તેને પ્રકાશિત કરવાનો તેમનો ઉત્સાહ ઠંડો પડી ચૂકયો છે. જે સમાજની કરૂણતા છે.

'પહેલો અઘરો છું, પછી આસાન છું,
પહાડની ઊંચાઈ પર મેદાન છું.
મૂલ્ય અંકાશે નહીં કંઈ મારુ આમ,
સળગું તો પરખાય કે લોબાન છું.'

- પંકજ વખારિયા

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

એકટીવામાં સમાઈ જાય તેટલા માલની હેરાફેરી લોડીંગ ટ્રકમાં !

દારૂ-બિયરના રૂ. ૨૬ હજારનાં મુદ્દામાલ સાથે ટ્રક ઝડપાઈ

ડભોડા પોલીસે રણાસણ નજીકથી ટ્રક પકડી બે શખ્સોની ધરપકડ કરી : રૂ. ૧૫.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૧૨

ડભોડા પોલીસે બાતમીને આધારે રણાસણ નજીકથી દારૂ-બિયરની હેરાફેરી કરતી તોતીંગ લોડીંગ ટ્રક ઝડપી પાડી હતી. ૩૬ નંગ વિદેશી દારૂની બોટલ અને ૯૬ નંગ બિયરના ટીન મળી રૂ. ૨૬ હજારના દારૂ-બિયરના જથ્થા સાથે ઉત્તરપ્રદેશ વિસ્તારના ડ્રાઈવર કલીનરની ધરપકડ કરી લેવામાં આવી હતી. ડભોડા પોલીસે રૂ. ૧૫.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઝીણવટભરી પુછપરછ શરૂ કરી છે. જો કે એકટીવામાં થેલા ભરાવીને જેટલો દારૂ હેરાફેરી કરી શકાય તેટલા જ માલની હેરાફેરી લોડીંગ ટ્રકમાં થતી હોવાનું પકડાતા ચર્ચાનો વિષય પણ બન્યો હતો. જો કે તે શખ્સો હેરાફેરી કરતા હતા કે વર્ધી મારીને આવ્યા બાદ થોડી ખર્ચા પાણીની રકમ નીકળે તે માટે દારૂ ભરી લાવ્યા હતા તે અંગે તપાસ ચાલી રહી છે.

ડભોડા પીએસઆઈ એન.એમ. ચૌધરીને ચોકકસ બાતમી મળી હતી કે જીજે ૦૨ એકસ એકસ ૮૬૬૨ નંબરની લોડીંગ ટ્રક વડોદરા તરફથી રણાસણ સર્કલ થઈ માણસા તરફ જવાની છે. તેને આધારે વોચ ગોઠવીને ટ્રક પકડી પાડવામાં આવી હતી. ટ્રકમાં તપાસ કરતા ૩૬ નંગ વિદેશી દારૂની બોટલ અને ૯૬ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૨૬૪૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. દારૂ-બિયર સાથે ઉત્તરપ્રદેશના આજમગઢના ડ્રાઈવર પ્રવિણ ગુલાબ રાય અને ગાજીપુરના કલીનર સોનુ વિજય નારાયણ યાદવને પકડી પાડવામાં આવ્યા હતા. દારૂ-બિયર, ટ્રક અને મોબાઈલ મળી કુલ રૂ. ૧૫,૨૭,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ડભોડા પોલીસે ઉંડી તપાસ શરૂ કરી છે.

અવસાન નોંધ

વાલમ બ્રાહ્મણ ગં.સ્વ. કુંદનબેન પ્રભાશંકર પંડયા તે ચંદ્રકાન્તભાઈ એમ.પંડયાના ભાભી, ભરતભાઈ તથા ઉત્પલભાઈના માતૃશ્રી, મંથનભાઈ તથા ઋત્વિકના દાદીમાનું અવસાન તા.૧૨-૬-૨૦૧૬ના રોજ થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૩-૬-૨૦૧૬ને સોમવારના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૪૬૪, ગાયત્રીનગર, સે-૨૭, ગાંધીનગર ખાતે રાખેલ છે.

ચિરવિદાય

● સ્વ. કુંદનબેન પ્રભાશંકર પંડયા, ઉ.વ. ૮૯